Email : regi@ngu.ac.in
Web Site : www.ngu.ac.in

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮
ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ, (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

**વિષય : આચાર્ય સહિત શૈક્ષણિક સ્ટાફની ભરતી અંગે.**

**પરિપત્ર (ક્રમાંક :૯૮૦/ ૨૦૧૪)**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોમાં અનુભવે એવું જણાય છે કે, દરેક કોલેજ સામાન્ય રીતે સામુહિક ઈન્ટરવ્યુમાં જ પોતાની કોલેજની ખાલી શૈક્ષણિક જગ્યાઓની ભરતી કરતી હોય છે. ઘણીવાર એવું બને છે કે, અમુક વિષયમાં તેઓને લાયકાત ધરાવતા ઉમેદવાર મળતા ન હોઈ વર્ષ દરમ્યાન તે જગ્યા ખાલી રાખી કોલેજનો અભ્યાસક્રમ મુલાકાતી અધ્યાપકો મારફતે પૂર્ણ કરાવતા હોય છે અને ફી ની આવકો યોગ્ય રીતે ઉપયોગમાં લેવાની નથી અને આર્થિક સધ્ધરતા ઉભી કરવાનો એક નકારાત્મક અભિગમ જણાય છે.

સામાન્ય રીતે કાયમી આચાર્યની જગ્યા ભરવામાં કોલેજના મંડળો જાણી જોઈને ઉદાસીનતા દાખવતા હોય છે. તેની પાછળ પણ આચાર્યનો વર્ષ દરમ્યાનનો પગાર બચાવી શિક્ષણ સંસ્થાને અર્થોપાર્જન તરીકેનું એકમ ગણવામાં આવે છે. જયારે અનુદાનિત કોલેજોમાં સરકારશ્રીની એન.ઓ.સી. મળ્યા બાદ જ ભરતી કરવાની થાય છે. આમ આવા સંજોગોમાં જે તે વિષયના સિનિયર અધ્યાપકો, કાર્યકારી આચાર્ય તરીકે પણ ફરજ બજાવતા હોય છે. આ વધારાની ફરજને કારણે તેઓ તેમના વિષયના અભ્યાસક્રમને પૂર્ણ કરી શકતા નથી અને વધારાની વહીવટી કામગીરીમાં જ સંકળાયેલા રહે છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહે છે અને અભ્યાસને પણ અસર પડે છે. વળી, શિક્ષણનું સ્તર તો જળવાતું જ નથી.

આથી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના ટ્રસ્ટીઓ/આચાર્યશ્રીઓને સૂચિત કરવામાં આવે છે કે પ્રથમ સત્રના અંત સુધીમાં આપની કોલેજમાં જ ઈન્ટરવ્યું ગોઠવી બીજા સત્રના શરૂઆતમાં કાયમી આચાર્ય સહિતની શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવી અને સત્વરે આધારો સાથે અત્રે જાણ કરવી.

આ પરિપત્ર આપની કોલેજના પ્રમુખ/મંત્રીશ્રીના ધ્યાને લાવવા વિનંતી છે.

કા.કુલસચિવ

નં.એકે/માન્યતા/૪૮૨૩/૨૦૧૪
તા.૨૭/૧૦/૨૦૧૪

પ્રતિ,
– આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ/પ્રમુખશ્રીઓ તરફ.

**નકલ રવાના જાણ સારૂ :**
– એકેડેમિકની તમામ પ્રશાખાઓ
– હિસાબ/મહેકમ વિભાગ

F:\SAMIR\2014\MANYATA\PARIPATRA.doc